જયશેખરસૂરિકૃત

# ત્રિભુવન દીપક પ્રબંધ

*પ.પૂ.સાધ્વી શ્રી મોક્ષગુણાશ્રીજી મ.સા.*

કવિ શ્રી જયશેખરસૂરિની ગુજરાતી ભાષામાં લખાયેલી કૃતિઓમાંની એક અત્યંત સમર્થ કૃતિ તે 'ત્રિભુવનદીપક પ્રબંધ' છે. આપણા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની પણ તે એક માર્ગસૂચક સ્તંભ જેવી ગણનાપાત્ર કૃતિ છે.

કવિ શ્રી જયશેખરસૂરિએ વિ.સં. ૧૪૬૨માં 'પ્રબોધચિંતામણિ' નામના ગ્રંથની રચના કરી તે પછી આ ત્રિભુવનદીપક પ્રબંધ ની રચના કરી હશે એવું અનુમાન કરી શકાય છે. જો કે ત્રિભુવનદીપક પ્રબંધમાં એની રચનાસાલનો નિર્દેશ જોવા નથી મળતો, એટલે પ્રબંધચિંતામણિ પછી આ ગ્રંથની રચના કેટલા સમયે કરી હશે તેની ખબર પડી નથી. પણ કવિશ્રીના જીવનના ઉત્તરકાળની આ રચના છે, એ એમની ભાષાની પ્રૌઢિ જોતાં સ્પષ્ટ જણાય છે.

ત્રિભુવનદીપક પ્રબંધ ની અંતિમ કડીમાં કવિએ પોતે પોતાનો નામનો નિર્દેશ કર્યો છે. પરંતુ તેમાં કૃતિની રચના સાલનો નિર્દેશ કર્યો નથી. જુઓ :

મૂલ મંત્ર મણિએ મનિ માનિ,
તપ જપનઉં ફલ એહનઈ ધ્યાનિ;
ઈણિ સવિ સંપદ આવઈ પૂરિ,
ઈમ બોલઈ જયશેખરસૂરિ. ૪૩૨

કવિએ આ કૃતિનું નામ 'ત્રિભુવન દીપક પ્રબંધ' રાખ્યું છે. આ કૃતિની હસ્તપ્રતોમાં છેલ્લે 'ઈતિ ત્રિભુવનદીપક પ્રબંધ : સંપૂર્ણ' એવા શબ્દો આવે છે, એ ઉપરથી પણ સ્પષ્ટ છે કે આ કૃતિનું ત્રિભુવનદીપક પ્રબંધ એવું નામ આરંભથી જ હતું. વળી કવિએ કાવ્યમાં પણ આ કૃતિને માટે ત્રિભુવનદીપક પ્રબંધ એવું નામભિધાન પ્રપોજયું છે. જુઓ :

ત્રિભુવનદીપક એઉ પ્રબંધ,
પાપ તણઉ સા સુહિઈ ન ગંધ;
મોહ ધ્યાન હિવ તોઈ જિ ટલઈ, જઈ વેસાનરિ તનું પરજલઈ, ૪૧૮



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરંતુ આ કૃતિનું 'અંતરંગ ચોપાઇ' એવું અપર નામ કેટલીક હસ્તપ્રતોના અંતે પુષ્પિકામાં જોવા મળે છે. તે નામ કવિ જયશેખરસૂરિએ આપ્યું છે કે પછીથી કોઇ લહિયાએ કે હસ્તપ્રત તૈયાર કરનાર-કરાવનાર સાધુ મહાત્માએ આપ્યું છે તે વિશે કશો ખુલાસો સાંપડતો નથી. પરંતુ હસ્તપ્રતમાં આવું નામ અપાયું છે તે ઉપરથી એ નામ પણ કેટલોક સમય પ્રચલિત રહયું હશે એમ માની શકાય.

ત્રિભુવન દીપક પ્રબંધ ના આરંભમાં આઠમી કડીમાં કૃતિનાં કથાવસ્તુનો પરિચય આપતાં કવિ નીચે પ્રમાણે લખે છે. :

પુણ્ય પાપ બે ભઇ ટલઇ, દીસઇ મુકૂખ દૂયારુ;

સાવધાન તે સંભલઉ હરષિ હંસ વિચારુ. ૮

આ ઉપરથી પં. લાલચંદ ભગવાનદાસ ગાંધી કહે છે કે આ દ્વારા ગ્રંથકારે ગ્રંથનું 'હંસવિચાર' એવું નામ પણ સૂચવ્યું છે.*

ત્રિભુવનદીપક પ્રબંધ નું મુખ્ય પાત્ર પરમહંસ છે. અને કૃતિના સમગ્ર કથાનકનું અંતિમ લક્ષ્ય તે પરમહંસના પદની પ્રાપ્તિનું છે.માટે કદાચ હંસવિચાર એવું કૃતિનું નામ હશે, એમ અનુમાન કરી શકાય. વળી હરિષ હંસ વિચારુ એમ જુદા જુદા શબ્દો લઇ તેનો સામાન્ય શબ્દાર્થ કરવામાં આવે તો હર્ષથી આત્મા સંબંધી વિચાર ચિંતન કરો એવો અર્થ ઘટાવી શકાય. વળી વાચકને હંસ તરીકે સંબોધન કરીને તેને વિચાર કરવા માટે કવિએ ઉદ્‌બોધન કર્યુ છે એમ ઘટાવી શકાય. આમ, કૃતિના નામ તરીકે 'હંસ વિચાર' એવું નામ માત્ર તર્ક કરવા પૂરતું સંભવિત લેખાય.

'હંસ વિચાર' નામ ઉપરથી જ પંડિત લાલચંદ ગાંધીએ તેમાં સુયોગ્ય સુધારો સૂચવીને કહ્યું છે કે 'પરંતુ અમ્હને પરમહંસ પ્રબંધ -આવું નામ સમુચિત સમજાય છે.' આમ ત્રિભુવનદીપક પ્રબંધ અંતરંગ ચોપાઇ, હંસવિચાર અને પરમહંસ પ્રબંધ એ ચાર નામમાંથી કવિએ પોતે જ કાવ્યમાં સ્પષ્ટ પણે આપેલું ત્રિભુવન દીપક પ્રબંધ એ નામ જ યોગ્ય છે અને તે જ પ્રચલિત રહ્યું છે.

ત્રિભુવનદીપક પ્રબંધની રચના કવિએ કયા સ્થળે કરી હશે અને તે માટે તેમને કેટલો સમય લાગ્યો હશે તેનો કશો નિર્દેશ આ કૃતિમાં નથી. કવિનું વિહારક્ષેત્ર ગુજરાતમાં મુખ્યત્વે પાટણ અને અને ખંભાતની આસપાસ રહ્યું હતું તે જોતાં ગુજરાતમાં કોઇ સ્થળે રહીને તેમણે આ કૃતિની રચના કરી હશે એવું અનુમાન કરી શકાય છે.

કવિ શ્રી જયશેખરસૂરિએ એક જ વિષયનું નિરૂપણ કરતી બે કૃતિની રચના કરી છે. સંસ્કૃત ભાષામાં 'પ્રબોધ ચિંતામણિ' અને ગુજરાતી ભાષામાં 'ત્રિભુવનદીપક પ્રબંધ' આ બે કૃતિઓમાથી કઇ કૃતિની રચના તેમણે પહેલી કરી હશે તેનું કોઇ નિશ્ચિત પ્રમાણ મળતું નથી, પરંતુ અનુમાન કરી

* જુઓ : ત્રિભુવનદીપક પ્રબંધ સંપાદક પં. લાલચંદ ભગવાનદાસ ગાંધી, પૃષ્ઠ ૧૩.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકાય છે કે તેમણે પ્રથમ પ્રબોધચિંતામણિની રચના કરી હશે અને ત્યાર પછી ત્રિભુવનદીપક પ્રબંધ ની રચના કરી હશે. પ્રબોધચિંતામણિ ની રચના વિ.સં. ૧૪૬૨ માં ખંભાતનગરમાં કરેલી છે. એટલે ત્રિભુવનદીપક પ્રબોધની રચના ત્યારપછીના તરતના કાળમાં થઈ હશે એમ માનવામાં આવે છે.એમની આ બન્ને કૃતિઓને બાહ્ય દૃષ્ટિએ તપાસતાં એટલું તરત દેખાય છે કે પ્રબોધચિંતામણિ સાત અધિકારની અંદર લખાયેલી સુદીર્ઘ કૃતિ છે. જયારે ત્રિભુવનદીપક પ્રબંધ ૪૩૨ જેટલી કડીમાં લખાયેલી, પ્રબોધચિંતામણિ કરતાં નાની કૃતિ છે.

કવિને એક જ વિષયની બે કૃતિઓની રચના કરવાની શી જરૂર પડી ?- એવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે. એ વિશે પણ કોઇ સ્પષ્ટ નિર્દેશ એ બેમાંથી કોઇ પણ કૃતિમાં થયો નથી, પરંતુ એમ માનવામાં આવે છે કે સંસ્કૃત ભાષામાં લખેલી પ્રબોધચિંતામણિ નામની કૃતિ વિદ્વદ્જનોમાં અને સંસ્કૃતના જાણકાર લોકોમાં, એની સુંદર રૂપકગ્રંથિ ને કારણે એટલી લોકપ્રિય થઇ ગઇ હશે કે સામાન્ય જનોની ઇચ્છાને સંતોપવા માટે કવિએ ગુજરાતીમાં આ કૃતિની રચના કરી હશે.

કવિ જયશેખરસૂરિએ પ્રબોધચિંતામણિ ની રચના પછી ત્રિભુવનદીપક પ્રબંધ ની રચના કરી છે. અન્ય સંદર્ભો જોતાં સ્પષ્ટ જણાય છે. તેમ છતાં એ નોંધવું જોઇએ કે ત્રિભુવનદીપક પ્રબંધ માં કયાંય પ્રબેધચિંતામણિ નો નિર્દેશ જયશેખરસૂરિએ કર્યો નથી.

શ્રીજયશેખરસૂરિએ ત્રિભુવનદીપક પ્રબંધની રચના કરતી વખતે પોતાની પ્રબોધચિંતામણિ કૃતિને સતત નજર સામે રાખી હશે અથવા પોતાનું જ સર્જન હોવાને કારણે સહજ રીતે પોતાની નજર સામે તે રહી હશે. એમ એ બન્ને કૃતિઓની અનેક પંકિતઓ સરખાવતાં જણાય છે. નીચેની પંકિતઓ સરખાવવાથી આ વાતની તરત પ્રતીતિ થશે.

સરખાવો :*

| | |
|---|---|
| मानसे निर्मलऽस्ताधे विमुक्तविषयान्तर : । | માનસ સરિજા નિર્મલઇ કરઇ કતુહલ હંસુ ; |
| हंसश्चेत् कुरुते केलिं तत् क यातु सरस्वती ? ॥ ११-१ ॥ | તાં સરસતિ રંગિ રહઇ, જોગી જાણઇ ડંસું. ૨ |
| चर्व्यमाणा भृशं सर्वे रसा वैरस्यमाप्नुयु : । | સેવીતાં સવિરસ વરસ ઇકકઇકિક જોઇ; |
| शान्तस्तु सेवितोऽत्यन्तं मोक्षावधि सुखप्रद : ॥२४-१ ॥ | નવમઉ જિમ જિમ સેવીયઇ, તિમતિમ મીઠઉ હોઇ. ૭ |
| आत्मज्ञानजुषां ज्वराधपगमो दूरे जरा राक्षसी । | નાણ નિરુપમ નાણ નિરુપમ જગહ ઉવયારુ; |
| प्रतयासीदति लब्धिसिद्धि-निवहो ज्ञानं समुन्मीलति । | ઘટ્ટ ભિત્તરિ નિર્મલઉ જાસુ નામિ સવિ રોગ નાસઇ; |
| आनन्दोऽनुभवेऽपि वागाविषय: स्यात् पुण्य-पापक्षयो । | જર-રક્ખસિ વેગલી સયલ સિદ્રિ નિવસંતિ પાસઇ; |
| मुत्किर्मुष्टिगतेव केवलमिदं लब्धुं यतध्वं तत : ॥ ४१-१ ॥ | પુણ્ય-પાપ બે ભવ ટલઇ દીસઇ મુક્ખ દૂઆરુ; |
| | સાવધાન તે સંભલઉ હરપિઇ હંસ વિચારુ. ૮ |
| जंतुधाते भृषावाचि परद्रव्ये परस्त्रियाम् । | તિણિ વાહિઉ મન ત્રિભુવનિ, ભમઇ ક્ષણઉં સમાધિ |

*જુઓ : અહીં પ્રબોધચિંતામણિ ની શ્લોકસંખ્યા આર્યરક્ષિત પુસ્તકોધ્ધાર સંસ્થા તરફથી છપાયેલા ગ્રંથને આધારે આપી છે. તથા ત્રિભુવનદીપક પ્રબંધ ની કડીની સંખ્યા પંડિત લાલચંદ ગાંધીનાં સંપાદનને આધારે આપી છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| | નવી વીસમઈ ; |
| मधे मांसे च पापर्द्रो पैशुन्ये द्राहकर्म्मसु ॥ १६८-१ ॥ | જીવ વિણાસઈ ભાસઈ આલ,પરધન વનિતાં લાગઉ<br>ઢાલ. ૩૭ |
| महारेमेषु च तथा तवा भर्ता प्रवर्तित : ।<br>यथा द्दशापि नास्प्राक्षीन्निवृर्त्ति र्दुभगामिव ॥ युग्मम् ॥ १६९-१ ॥<br>उक्षेव तिलयंत्रस्य सोऽन्वहं भ्रामितस्तया । | ખંત પિયંત નકરઈ ખલખંચ, લહિ લગારઈ નિવૃત્તિ ન આચ; |
| विललाप च गौरांगि गौरव्ये गुणशालिति ।<br>गंगाजलोज्ज्वले मह्यं सुबुद्धे देहि दर्शनम् ॥ १९४-३ | ઉગુંઉ અધિકઉ સહૂ ખમી કરિ અમ્હ ભાગી પસાઉ;<br>ગણિ સંપૂરિય ગોરડી દઈ હિવ દેષાઉ. ૪૭ |
| सर्वे जनः स्वस्य सुखाभिलाषी न कोऽपि दःखस्य दधाति तुष्णाम् ।<br>अंह तु हंत स्वहितं विघातुं भायामनोम्यां विवशो न शक्तः ॥ २०६-३ ॥ | સાંભલિ ચેતના ! અમ્હિ થયા છઉં નિરધાર<br>મનિ માયાં બિહુ દૂહવિયા એહ સગાની<br>વીરતી કરહં કહતે |
| उपेक्षते हि नापन्नमितरोऽपि सचेतनः ।<br>इद्दग्दशं कृशं किं मां सकृपे त्वमुपेक्षसे ॥ २०७-३ ॥ | લાજીઈ તું સહિજિંઈ સવિચાર, દીરઘ રોસ ન બુઝીઈ,<br>કરિ કરિ કઈ અમ્હ સાર. ૪૮ |
| निवृतौ प्रोषितायां सा नृत्यपि स्म निरंतरम् ।<br>निःशल्यमधुना राज्यं जातमित्युल्लसन्मना : ॥ २४१-३ ॥<br>प्रचंडपवनोद्भूत पताकांचलचंचल :<br>स नवृतिं विनानित्यं तयाऽभ्रामि दिशो दिशि ॥ २४२-३ ॥ | નિવૃત ગઈ તઉઉ હઈ નિવૃતિ,મન રહિ નિચરઈ કહઈ પ્રવૃતિ;<br>દિવરાવઈ બેટાનઈ રાજ, ફલિઉ મનોરથ મહારઉ આજ. ૫૫ |
| तदत्र पुरि सेवस्य क्षमाधीशं चिरंजनम् ॥ २७१-४ ॥ | રાઉ નિરંજાણા (નું) ઈણિ નયરિ તે તઉં (તૂ) થિરુ<br>આરાહિ. ૮૩ |
| नागान् नमन्ति निर्जीवान् जीवतो ध्वन्ति निदर्याः ।<br>पुण्यं दवाग्निदानेऽपि मन्यन्ते तत्र केचना ॥ ३२४-४ ॥ | નાગ નમઈ નઈ મારાઈ પ્રાણિ ;<br>જીવયોનિ દવિ સઘલી મરઈ, દવ દીજઈ તિહાં પુણ્યહ<br>વરઈ. ૧૨૨ |
| येषा परिग्रहो दार-धन-गोधन-गोचरः ।<br>यतन्ते ते गुरुमूय भूयसां भवतारणे ॥ ३२९-४ ॥ | તેહઈ ગુરુ જેહનઈ ધરિ વહૂ;<br>તેહઈ ગુરુ જેહનઈ ધાણ ઢોર .... |
| मारिश्च मोहभूत्रास्तीतिः ॥ ७०-४ ॥ | મોહ તણ ધૂય મારિ ઈહાં તે પગ પઈસારઉ. ૭૩ |
| एवं भ्रमं भ्रमं भूरिश्रमा विश्रामकांक्षिणी ।<br>पुर प्रवचनं प्राप दुष्प्रापं सा दुरात्मनाम् ॥ १२१-४ ॥ | તકે ચાલી અતિ ખીણ;<br>ફિરઉત ફિરંતી પ્રવચન નગરી ગુરુઈ પામીય તેણિ. ૭૪ |
| तत्प्रसीद स्फूटं ब्रूहि सौम्यद्रक्ष्याम्यमुं कदा ।<br>किमपि प्राभवं प्राप्य सुखिनं तनुजं निजम् ॥ १४३-४ ॥ | નિવૃત ભાણઈ કરજોડિ,મહારિષિ ! નિરંતઉ જ્ઞાનિ નિહાલિ;<br>એ બેટઉ હૂં સુખિ વિલસંતુ દેષિસુ કેતઈ કાલિ ? ૭૫ |
| अत्र प्रवचनामिख्ये नगरेऽस्ति नरेश्वर; ।<br>अर्हन्नवार्यदोर्वीर्य निर्जितांतर्द्रिषद्‌वलः ॥१६१-४ ॥ | ઈણ નગરી છઈ અરિહતુ રાય, વયરી સિરિ દિઈઈ ડાવઉ<br>પાય. ૮૧ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| आस्तां भुक्तिर्यत्प्रसादाकमुक्तरप्यद वीयसी ॥ १६२-४ ॥ | મુકિત ભુકિત નઉ તે દાતાર. ૮૨ |
| कष्ट ये पालिता: पुर्वासोऽपि पित्रोरिह द्विष: । | પેટ જિ વંચી પોસિયા, તે ઇહાં સામ્હા થાઈ; |
| विदेश्या अपि सम्प्राप्पास्तत्र सोदरतां गता: ॥ १००-५ ॥ | વિકરાઇ જે આવી મિલ્યા, તે તિહાં ભાંડરુ થાઈ . ૧૫૯ |
| अमारिघोषणा क्वापि कवापि साधुनिम्मण ॥ ८०-४ ॥ | તિહાં અમારિ હુઈ ઉદ્ઘોષણા, સાહમીવચ્છલ નિતુ નિઉંત્રણા. ૧૬૬ |
| क्वचितूर्यत्रयं चैत्ये क्वचिद्गुरुगुणस्तुति: ॥ ८९-५ ॥ | કલહટ કરઇ જિણાલઇ સંઘ, રાસ ભાસ લકુટા રસરંગ. ૧૬૬ |
| क्वापि श्रुतानुयोगश्च क्वापि सद्गुरुदेशना । | ગુહિરઇ સરિ ગુરુ કરઇ વષાણ, આગમ વાચઇ સાહુ સુજાણ; |
| क्वाचित्स्वाघ्यायनिधोष: स्मारणा वारणा क्वचित् ॥ ९०-५ ॥ | ચોયણ પડિચોયણ નવિ ટલઇ,ઈણિ પરિ તે પુર નિતુ કલકલઇ. ૧૬૭ |
| एवं देवपुरे तत्रखिले कोलाहलाकुले । | |
| ग्राहकेभ्यो भवन लाभस्तत्र केनोपमीय ताम् । | ગ્રાહક સરિસઉં વુહરતાં તિણિ પુરિ લાભ અસંખ; |
| दतैर्यन्मापकैर्लभ्याश्चंचत्काचन कोटय : ॥ १०३-५ ॥ | આપે ઉડદહ બાકુલે, લબ્ભઇ કંચણ લક્ખ. ૧૫૫ |
| प्रायश्चित्ताख्यया नीराध्यक्ष: कलभषशुद्धिकृत ॥ २२४-५ ॥ | પ્રાયશ્ચિત પુણ પાણી હારઇ. ૧૭૨ |
| यस्य भार्याद्वयं तस्यावश्यं भ्रष्टं भवद्वयम् ॥ १५८-५ ॥ | જીણઇ નારી દોઇ પરિગ્રહી, દોઇ ભવ વિણઠા તેહના સહી. ૧૭૨ |
| तवास्ति विदितं तावत् पुरं प्रवचनामिधम् । | તમ્હિ જાણઉં તાં પ્રવચનપુરી. !૧૭૯ |
| तत्पालयति सर्वज्ञो राजा दातोदयी दयी ॥ ४१-५ ॥ | રાજ કરઇ છઇ રાઉ અરિહિંત. ૧૮૦ |
| एकां प्राप्यापरां संध्या मजन् भ्रस्यति भास्कर: । | એકઇ સંધ્યાં ઉગિઉ સૂર, બીજી મિલિઉ રુલિઉ ભૂર; |
| एका मुक्त्वापरां प्राप्तो द्रितीयां क्षीयते शशी ॥ ६१-५ ॥ | એકઇ બીજઇ શશિ ઉગિઉ, બીજી બીજઇ ગિઉ તે ષયઉ. ૧૮૭ |
| तन्मंत्रिन्मा विलंविष्ठा विशिष्टान् हितकारिण:। | મુહિત ! વિષ્ટ શુભાધ્યવસાય, વેગે વલાવિ ભાણી જિનરાય. ૨૦૧ |
| शोभनाध्यवसायाख्यान् पेषयोपजिनेश्वरम् ॥ ५-७१ ॥ | |
| मंव्यथो सज्जयामास दिनंप्रति प्रति निजान्नरान् । | મુહતઇ વિષ્ટ વલાવ્યાં જાણ, હું ધાયઉ તમ્હ કરિવા જાણ. ૨૦૨ |
| अहं तु ज्ञातनि:शेषवृतंतस्त्वामुपागमप् ॥ ७२-५ ॥ | |
| प्रलोभ्य सुखवार्त्ताभिस्त्वरपुरी वासिनं जनम् । | આપણા પઇ સાથિં હુઇ, લોક તુમ્હારઉ લેઉ; |
| निवासयिषतीदानी विवेको मुक्तिपत्तनम् ॥ ७९-५ ॥ | સુખની વાતે લોભવી, મુકિત વસાવઇ તઉ. ૨૦૩ |
| मयि जीवति भृत्याणौ किमेवं तात खिद्यते ? ॥ १८३-४ ॥ | મઇ જીવંતઇ બેટડઇ, મ ધરિસિ અરાણઇ બાપ ! ૨૦૭ |
| शिरोऽभिमानिनां वज्रघरेणापि न नामितम् । | જીહં સીસ પુરંદરિ ન નમાઇ તે રુલઇ રંક જિમ રમણિ પાઇ. ૨૧૩ |
| नमत् क्रमयुगे रुष्टस्त्रीभिर्निर्लोडितं हठात् ॥ २४८-५ ॥ | |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| लीलालसपदन्यासा द्विरदाः सभिदा मदाः ।<br>उर्ध्वीकृतभुजादंडशुंडा गंजत्यमी तव ॥ २१४-५ ॥<br>क्षुंदाना विषयान् सर्वान् व्यापारा ऐंद्रियाहयाः ॥ २१६-५ ॥ | મય અઠ ગુડિય ગયવર સરંગ પરકરિય પંચ ઈંદિય તુરંગ. ૨૧૫ |
| अयं चतुर्भुजश्चक्र गदाशाऽर्गासिभीषणः ॥ २७३-५ ॥ | ચાલાવઇ ચકકર સારંગપાણિ ગડમડઇ ગદાધર ભુજહ પ્રાણિ. ૨૩૩ |
| अथ संकेतितास्तेन गोपीयोघाः सहस्त्रशः ।<br>परितः परिवव्रुस्तं द्वीपमब्धेरिवोर्मयः ॥२७८-५ ॥ | સોલ સહસ સાહણ કરી, ગોપી ગેલિ ગહિલ્લ;<br>પીતંબર પક્ખલિ ફિરી, છોહઈ છલાણ છઇ. ૨૩૫ |
| चक्रचापधरोप्युच्चैः स सद्यः समगंस्त तैः ॥ २८७-५ ॥ | ચક્ક ચાપ મુંકી મિલિઉ, રાઉત રાણ-રસિ રીણ. ૨૪૦ |
| यामिन्यां यमूनाकूले शारद्यां शशिरुक शुचौ ।<br>नृत्यन् गोपीगणे गायत्ययं न व्यत्ययं व्यधात् ॥ २९०-५ ॥ | જિમ જિમ યમુના તડિ મિલી, ગોયાલિણ ગમારિ;<br>તિમ તિમ નાચઇ નવિય પરિ, નિસિ નિર્મલી મુરારી. ૨૪૨ |
| गिरिणा गुरुणानेन न मृत्योरद्य रक्षसे । | કુમર ભાણઈ તુ મેલ્હઉ માલ, નારિ-તાણઉ જઇ પરિગ્રહ ઝાલ; |
| रक्षसे किन्तु मद्त्त मृगनेत्रा परिग्रहात् ॥ ३१५-५ ॥ | હરબોલઇ જોઉં આણઅહ રિદ્ધિ, પાછળ દેજ્યો એસી બુદ્ધિ. ૨૫૧ |
| व्याजहार हरः श्रीमन्मोहभूपाल नंदन ।<br>पश्चादद्या इमां बुद्वि पूर्व श्रुणु मम श्रियम् ॥ ३१६-५ ॥ | |
| मम प्रेतवने वासः.....॥ ३१७-५ ॥<br>चक्रीवत इवागे मे भस्तिनावगुंठनम् ॥ ३१८-५ ॥ | છારુડંઇ અમ્હ ઉગટિ અંગિ, જડ જડ કુસલ વર ભુજંગિ;<br>જર ગઉ વાહણિ રહણ મસાણિ, ઘરિ ઘરિ ભિક્ષા ભમત ન કાણિ.૨૫૩ |
| भूषा विषधरैर्लवमानै जीणत्तरोरिव ।<br>सैंघवस्येयव निः स्वसय मम यानं जरद्गवः ॥३१९-५ ॥ | દિસિ પહિરણિ પન્નગશ્રગાર, રુંડમાલ યા અમ્હ હિયડઇ હાર;<br>હાલાહલ વિસુ અમ્હ આહારિ, કેહી પૂરી ઝાલઉં નારિ ? ૨૫૩ |
| अहमीद्दगवस्थापि स्वीकुत्त्वे वनिताः कथम् ॥ ३२०-५ ॥<br>रुंडमालावलंविनः ॥३११-५॥ | |
| शालि सूपं धृतं धोलं वटकान् मण्डकानपि ।<br>याचमाना इमा मिक्षाभोजिनं खेदयन्ति माम् ॥ २३३-५ ॥<br>वरं व्याध्री विषधरी | સાલિ દાલિસિઉં (સ્યું, સાલણે, ધૃત પરઘલ ધોલ;<br>એ અમ્હ કન્હઇ માગિસિઇ, નિતુ નિતુ ખઇખઇ ગોલ.૨૫૭<br>વરિ વાઘિણિ લાગી ભલી. |
| परिणेष्यामि कन्यकां सयमश्रियम् ॥ ३६४-५ ॥ | પરણિસુ કન્યા સંયમસિરી....૨૬૧ |
| वक्ष्यन्ति केऽपि चतुरमित रे कांतरं तु माम् ।<br>अबद्वमुखलोकोक्तीः कियतीर्हृदये दधे ? ॥ ३६७-५ ॥ | ઈક ભણિસિં એ ડાહઉ હૂઉ, ઈકિ પુણ કહિસિં નાસી ગયઉ;<br>લોક બોલ ગણીઈ કેતલા ? આપમ કાજિ ન ભૂલઈ ભલા. ૨૬૬ |
| त्वं मयि प्रस्थिते पौरगणं तत्र समानयेः । | પર દલ દેખી થાજે છોક, અમ્હ પૂઠિં લેઇ આવે લોક. ૧૭૫ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मा कोऽपि कोपिनस्तस्यास्मद गृहय: प्रप्त ग्रहे ॥ ३७०-५ ॥

अत्रांतरे विशिष्टास्ते प्राप्ता: प्राक् प्रहितानरा: ।

ઈણિ અવસરિ તે વિષ્ટ પહુત્ત, તે વીનવઈ સ્વામિ સુણિ વત્ત. ૨૭૩

नत्वा व्यजिज्ञपन्मौलिकरंचित करद्वया: ॥ ३७१-५ ॥
प्रसीदतितरामद्य स्वामिन् स भगवांस्त्वयि ।

તુમ્હ સરકાઉ અરિહંતુ રાઉ, આ તીણઈ પાઠવિઉ પસાઉ;
તક તાકઈ આણિઉં છઇ કાજ, તુમ્હિ તિહાં પુહતા જોઇઉ આજ. ૨૭૪

गोष्ठायां गुणानामाधारमेकं त्वामेव शंसति ॥ ३७२-५ ॥

क्रोडीकृत्य कुमारें द्रनृपो हंसमिवोत्षल: ॥१७-६ ॥
कथं दिग्विजयं वत्स व्याधास्त्वभिति भूमुजा ॥१८-६ ॥

તાત ઉચ્છંગિ સો ઠવિઉ, પૂછઇ વાતડીય,
કિમ કિમ ફિરિઉ દેસંતરિ, કિંમતઇ જગ નડીય ? ૨૭૧

यद्यादिशसि तत् कुर्वे स्थितिमत्र त्वदंतिके ।

જઈ રાહવિ તઉ તારહઇ રહેસુ, વઈર વાદ સવિહઉં નિર્વહેસુ. ૨૯૭

उच्छिनदमी त्वारातीन् वर्धयामि च वैभवम् ॥ ५९-६ ॥

विवेक विधुरी कृत्य दुष्टाश्व इव स्तदिनम् ।

મુકિત તણી હઉં ભાંજિસુ વાટ, વીર વિવેકુ વજાડિસુ સાટ. ૨૭૯

करिष्याम्यचिरान्मुक्तिदुर्ग मार्गमसंचरम् ॥ ६३-६ ॥

एक श्री वीरमूलत्वात् सौहृदस्योचितैरपि ।

પ્રવચન નગરી પાડી ભેલ, વાધિયા મુનિવર માહિ કુમેલ. ૩૦૦

सापत्न्यं धारितं तेन पृथग्गच्छीय साधुभि: ॥ ८९-६ ॥

व्ययमाना: कुपात्रेषु धनलक्षा यशोऽर्थिन: ।

કીર્તિ કાજિ વેવઇ રાયસહ સહસ, દુસ્થિત દેષી બોલઈ વિરસ. ૩૦૩

आपन्न धार्मिकायोक्ता आवि कुर्वन्ति नि:स्वताम् ॥ १०३-६ ॥

મહામંત્રનઉ નહી વીસાસ, ક્ષુદ્રમંત્ર ઉપરિ અભ્યાસ;

परमेष्ठि महामन्त्रमृत्यरोचकिनश्चिरम् ।
क्षुद्रमन्त्रान् पठन्त्यंके....

उदूढां तरुर्जी कुलयां तृणीयन्त: सधर्म्मिणीम् ।
विटकोटिनिधृष्टायां रज्यन्ति पणयोषिति ॥ ११-६ ॥

કુલ સ્ત્રી છાંડી બાહરિ રમઈ. ૩૦૪

इयं वीरकुले जाता स्वयं वीरव्रताश्रया ।
वुवूर्षति वरं वीरमेव क्लीबेषु रोषिणी ॥ १६८-६ ॥

સૂરહ કુલ તે ઊપની, આપણી સૂરિ કન્ન;
સૂરા વિણ વર નવિ વરઇ, એહ જિ તેહ પઈ (પ) ન. ૩૧૨

प्रिये युवां किं नु विधास्यध्वे यास्याम: समरे वयम् ॥ ४५०-६ ॥

બોલાવી તમ્હિ રહિયા ભલઈ, કટિક જઈ આવઉં જેતલઈ;

ते प्रोचतु: प्रिय प्रश्नप्रयासोऽयं वृथा तव ।

તે પભાણઉં અમ્હિ હિય ન રહઉં, તઉં ધૃતિ જ (ઇ) તમ્હ સાથિ વહઉં. ૩૪૨

त्वां विनाऽऽवां क्वकचिन्न स्व: स्वो वा सद्यो भ्रियावहे ॥ ५१-६ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| विवेकः पर्शुनेव द्रुं ब्रह्यास्त्रैण जधान तम् ॥ १४-७ ॥ | બ્રહ્મયાયુધિ વલતઉ આહણિઉં, મોહ નરિંદ વિવેકિ હણિઉ.૩૯૧ |
| मोहे महारिपौ मृत्युमापिते त्रिदशेश्वराः । | જય જય નંદા સુર ઉચ્ચારઇ, કુસુમવૃષ્ટિ મિસિ ઓલગ કરઇ. ૩૯૨ |
| विवेकस्य शिरस्युच्चैः पुष्पवृष्टिं वितेनिरे ॥ १९-७ ॥ | |
| धगयं दुर्नयः पुत्रप्रम्णा संवर्धितस्त्वया ।<br>वयं चौरा इवापास्ता दूरे गौरगुणा अपि ॥ ४२-७ ॥ | મોહ તુમ્હારઇ બેટડઉ, તમ્હિ અમ્હિ કીધા ચોર. ૪૧૦ |
| विवेके सपरीवारे जाते साक्षिणि स क्षणात् । | શુકલધ્યાન તઉ દીપિઉ આગિ, તિણિ પઈસી મન લાગઉ માગિ; |
| मनमंत्री प्रविश्यात्र निर्वीर्यो भस्मतां ययौ ॥ ६३-७ ॥ | ચેતનરાણી અવસર લહઇ, નિવરઇ વરરહઇ આવી કહઇ. ૪૨૦ |
| अस्मिनूनवसरे लब्धावकाशा सा महासती ।<br>चेतना मुख्यरुपेण पति हंसमुपासरत् ॥ ६४-७ ॥ | |
| कल्पद्रम स्वर्मणि-कामधेनु सच्छङखमुखया ददते कदापि<br>किन्चित क्वचित् कास्यचिदिष्टवस्तु न सर्वदोऽस्मादपरः अतीतः | એહ જિ મંગલ ઉચ્છવ એઉ, એહ જિ માઇ બાપ એ દેઉ;<br>ઇણિ તીરથિ ન્હાતાં હુઇ સુદ્રિ, એ સારસ્વત પૂરઇ બુદ્ધિ. ૪૩૦ |
| अयं महाजलमेष मन्त्रे महोत्सवोऽयं सुकृतांगमेषः ।<br>अयं हि चिन्तामणिरेष रक्षौषवं नृणां बन्धुरभन्धुरेषः ॥ ४८५-७ ॥ | કલ્પદ્રુમ કામધેનુ એ હોઇ, ચિતામણિ એ અવર ન કોઇ. |

**આમ ત્રિભુવનદીપક પ્રબંધ ૪૩૨ કડીમાં એટલે કે લગભગ ૯૦૦ પંકિતમાં લખાયેલી કાવ્યકૃતિ છે. ઉપરનાં કેટલાંક મહત્ત્વનાં ઉદાહરણો પરથી જોઇ શકાય છે કે અકસોથી વધુ કાવ્યપંકિતઓમાં કવિ ત્રિભુવનદીપક પ્રબંધ ની રચના કરતી વખતે પ્રબોધચિંતામણિ ની પંકિતઓને અનુસરે છે. બે જુદી-જુદી ભાષામાં એક જ વિષયની પોતાની બે કૃતિઓની રચના કરવાની હોય તો તેવા સર્જક માટે આમ થવું સ્વાભાવિક છે. ત્રિભુવનદીપક પ્રબંધ ની રચનામાં કવિનો આશય જેમ પ્રબોધચિંતામણિ નો માત્ર અનુવાદ કરવાનો નથી, તેમ પ્રબોધચિતાંમણિ કરતાં તદ્દન નિરાળી કૃતિની રચના કરવાનો પણ નથી. એટલે દેખીતી રીતે પ્રથમ કૃતિની છાયા બીજી કૃતિમાં સ્થળે સ્થળે રહેલી હોય. આમ છતાં સમગ્રપણે બન્ને કૃતિઓની તુલના કરતાં એવું જણાય છે કે જેમ ઉપર આપેલાં કેટલાંક ઉદાહરણોમાં કવિ જયશેખસૂરિ મૂળ કૃતિને ચુસ્તપણે અનુસરે છે, તો પ્રબોધચિંતામણિ કરતાં ત્રિભુવનદીપક પ્રબંધ માં કેટલાક સુયોગ્ય ફેરફારો પણ કર્યા છે, અને કયાંક મૂળ કૃતિની શબ્દછાયા ઝીલવામાં ક્રમ પણ બદલાય છે.**

**પ્રબોધચિંતામણિ સુદીર્ધ કૃતિ હોવાને કારણે એમાં પાત્રો અને પ્રસંગોની વિપુલતા હોય એ દેખીતું છે. ત્રિભુવનદીપક પ્રબંધ માં રૂપકકથા પ્રબોધચિંતામણિ કરતાં સંક્ષેપમાં નિરૂપાયેલી છે**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે આ બંન્ને કૃતિઓને સરખાવતાં કેટલાંક ફેરફેરો જણાય છે:

કોઈ કોઈક સ્થળે પ્રબોધચિતાંમણિ માં સવિસ્તર વર્ણન છે તે ત્રભુવનદીપક પ્રબંધ માં કાં તો નથી કર્યું અથવા સંક્ષેપમાં કરવામાં આવ્યુ છે.

ઉદાહરણ તરીકે, પ્રબોધચિતાંમણિ માં આરંભમાં વર્ણવ્યા પ્રમાણે આવતી ચોવીસીના પ્રથમ તીર્થકર શ્રી પદ્મનાભપ્રભુના ધર્મરુચિ નામના શિષ્યને કોઈક ગામમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થશે ત્યારે તે ગામનો રાજા એમના અતિશયો જોઈને અમને પ્રશ્ન કરશે કે આપ કોણ છો ? કયાંથી આવો છો ? વિગેરે. આ પ્રસંગ પ્રબોધચિંતામણિ ના બીજા અધિકારમાં વર્ણવવાંમાં આવ્યો છે, પરંતુ તેનો કોઈ નિર્દેશ ત્રિભુવનદીપક પ્રબંધ માં થયો નથી, તો બીજી બાજુ ત્રિભુવનદીપક પ્રબંધ માં છે તેવું પ્રબોધચિંતામણિ માં નથી. ઉદાહરણ તરીકે જુઓ :

નાન્હઉ એ કિમ ઝૂસિ ? એ મનિ માણિસિ ભ્રંતિ;
નાન્હઈ સિંહ કિસોરડઈ, મયગાલ-ધડ-ભજજંતિ;
જેહૂં સમરંગણિ ભિડિસુ તે સહૂ તુજ્ઝ પસાઉ. ૨૦૮

આ ઉપરાંત પ્રબોધચિંતામણિ અને ત્રિભુવનદીપક પ્રબંધ માં બીજા જે સંખ્યાબંધ નાના નાના ફેરફારો જોવા મળે છે તે નીચે, પ્રમાણે છે:

(૧) પ્રબોધચિંતામણિ માં વિમલબોધની પુત્રીનું નામ તત્ત્વરુચિ છે, જયારે ત્રિભુવનદીપક પ્રબંધ પ્રમાણે એ નામ સુમિતિ છે. નિવૃત્તના પુત્ર વિવેકની બે પત્નીનાં નામ પ્રબોધચિંતામણિ પ્રમાણે તત્ત્વરુચિ અને સંયમશ્રી છે. જુઓ :

રાણી સુમતિ ખરઉ અનુરાગ,
જેઠઉ બેટઉ તસુ વઈરાગુ. ૧૬૯

(૨) પ્રબોધચિંતામણિ માં વિમલબોધની પત્નીનું નામ સન્માર્ગણા જણાવ્યું છે. ત્રિભુવનદીપક પ્રબંધમાં વિમલબોધની પત્નીઓના કોઈ નિર્દેશ જોવા મળતો નથી.

(૩) પ્રબોધચિંતામણિ માં મોહરાજાની પત્નીનું નામ જડતા છે, જયારે ત્રિભુવનદીપક પ્રબંધ માં તેનુ નામ દુર્મતિ આપવામાં આવ્યુ. છે. જુઓ :

મોહનાઈ રાણી દુર્મતિ નામ, બેટઉ બલવંત,જેઠઉ કામ . ૬૩
રાગદ્વેષ બે બેટા લહુય, નિદ્રા, અધૃતિ, મારિ એ ધૂઅ. ૬૪

(૪) પ્રબોધચિંતામણિ માં જડતાના પુત્ર તરીકે કામ ને બતાવ્યો છે. અને મોહરાજાની પ્રીતિ, અપ્રીતિ વગેરે અનેક સ્ત્રીઓના પુત્રોમાં રાગ, દ્વેષ, આરંભ વગેરે હજારો પુત્રો બતાવવામાં આવ્યા છે. ત્રિભુવનદીપક પ્રબંધ માં કામ,રાગ અને દ્વેષ એ ત્રણે પુત્રો દુર્મતિના બતાવ્યા છે અને મોહરાજાની પ્રીતિ, અપ્રીતિ વગેરે રાણીઓ અને આરંભ વગેરે પુત્રોનો ઉલ્લેખ નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫) પ્રબોધચિંતામણિમાં મોહરાજાની પુત્રીઓ તરીકે અભિધા, મારિ અને ચિંતા વગેરે અનેક બતાવી છે, જ્યારેત્રિભુવનદીપક પ્રબંધમાં નિદ્રા,અધૃત અને મારિ એ ત્રણ પુત્રીઓ બતાવવામાં આવી છે.

(૬) પ્રબોધચિંતામણિમાં મોહના પ્રધાનનું નામ મિથ્યાદષ્ટિ આપવામાં આવ્યું છે. જ્યારે ત્રિભુવનદીપક પ્રબંધમાં તે મિથ્યાદર્શન આપવામાં આવ્યું છે, જો કે બન્ને શબ્દો એકબીજાના પર્યાય જેવા છે.

(૭) પ્રબોધચિંતામણિમાં મોહરાજા પોતાના રાજ્યની ધુરા પોતાના યુવરાજ વિપર્યાસ ને સોંપે છે, ત્રિભુવનદીપક પ્રબંધમાં આ ઘટનાનો નિર્દેશ નથી.

(૮) પ્રબોધચિંતામણીમાં મોહરાજાના ભંડાર તરીકે અકુશલ કર્મનો નિર્દેશ થયો છે, પરંતુ ત્રિભુવનદીપક પ્રબંધમાં સકલ પરિગ્રહ એવું નામ ભંડાર માટે આપવામાં આવ્યું છે. જુઓ :

સકલ પ્રરિગ્રહ તિ ભંડારુ. ૬૯

(૯) પ્રબોધચિતાંમણિમાં મોહરાજાના છત્ર તરીકે અસંયમનો ઉલ્લેખ છે, ત્રિભુવનદીપક પ્રબંધમાં છત્રધારક તરીકે અમર્ષ (અમરિષુ) નો ઉલ્લેખ છે. જુઓ:

છત્ર દરઈ અમરિષુ ચઉસાલ...

(૧૦) પ્રબોધચિંતામણિમાં અવિદ્યાનગરીની રખેવાળ પાદરદેવતા છે. જ્યા ત્રિભુવનદીપક પ્રબંધમાં પાદરની રખેવાળી તરીકે મમતાનો ઉલ્લેખ છે. જુઓ :

મમતા પ્રાદ્રતણી રખવાલિ ....૫૯

(૧૧) પ્રબોધચિંતામણિમાં અવિદ્યાનગરીના વર્ણનમાં હિંસાગ્રંથરૂપી તળાવ અને હઠવાદરૂપી મહાપાળીનો નિર્દેશ છે, ત્રિભુવનદીપક પ્રબંધમાં કુમતિરૂપી સરોવર અને મિથ્યાત્વરૂપી પાળીનો નિર્દેશ છે. જુઓ :

કુમત સરોવર મિથ્યાપાલિ....૫૯

(૧૨) પ્રબોધચિંતામણિમાં અવિદ્યાનગરીના વર્ણનમાંવ્યાક્ષેપ નામના નગરશેઠનો ઉલ્લેખ છે. ત્રિભુવનદીપક પ્રબંધમાં નગરશેઠનો ઉલ્લેખ થયો નથી.

(૧૩) પ્રબોધચિંતામણિમાં મોહરાજાના પરિવારના પાખંડી સંસ્તવ નામના પુરોહિતનો ઉલ્લેખ મળે છે. ત્રિભુવનદીપક પ્રબંધમાં છદ્મ પુરોહિતનો ઉલ્લેખ છે. જુઓ :

છદ્મપુરોહિત સઘલઈ રાજિ....૬૭

(૧૪) પ્રબોધચિંતામણિમાં ઘડાનો સંગ્રહ કરનાર શ્રાપ નામનો પાણીનો અધિકારી છે, પ્રેમલાપરૂપી સ્થગિધર, સંચય નામનો ભંડારી વગેરેનો ઉલ્લેખ મળે છે. ત્રિભુવનદીપક પ્રબંધમાં તેનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉલ્લેખ મળતો નથી.

(૧૫) પ્રબોધચિંતામણિમાં પુણ્યરંગ પાટણ નગરના વર્ણનમાં નિયમ, બંધન, શૌચ, સંતોષ, તપ, અને સ્વાધ્યાયરૂપી ઊંચો કિલ્લો છે. ત્રિભુવનદીપક પ્રબંધમાં સુકૃતરૂપી મહાગઢ છે.જુઓ :

સુકૃત મહાગાઢિ પોલિ વિચારિ...૧૬૩

(૧૬) પ્રબોધચિંતામણિમાં પુણ્યરંગ પાટણના વર્ણનમાં વ્રતરૂપી કાંગરાનો ઉલ્લેખ મળે છે. ત્રિભુવનદીપક પ્રબંધમાં સદાચરણરૂપી જુઓ:

સદાચરણ કોસીસાં કોડિ... ૧૬૩

(૧૭) પ્રબોધચિંતમણિમાં બ્રહ્મચર્યના અઢારભેદરૂપી અઢાર વર્ણો મર્યાદાથી પુણ્યરંગ પાટણ -નગરમાં વ્યવસ્થા પૂર્વક રહે છે એમ જણાવ્યું છે. ત્રિભુવનદીપક પ્રબંધમાં બ્રહ્મચર્યરૂપી સરોવરની નવ પાળો છે એમ નિર્દેશ કર્યો છે. જુઓ:

બંભ સરોવરિ નવ સર પાલિ...૧૬૨

(૧૮) પ્રબોધચિંતામણિમાં પુણ્યરંગ નગરીની વિરતિ નામની પાદર દેવી છે એવો ઉલ્લેખ કર્યો છે. ત્રિભુવનદીપક પ્રબંધમાં જયણા નામની પાદરદેવીનો ઉલ્લેખ છે. જુઓ:

પાદ્રદેવ તિ જયણા ભણઉ... ૧૬૨

(૧૯) પ્રબોધચિંતામણિ માં પુણ્યવાસનારૂપી ખાઈનો ઉલ્લેખ છે. ત્રિભુવનદીપક પ્રબંધમાં વિરતિરૂપી ખાઈનો ઉલ્લેખ છે. જુઓ:

વિરતિ ન ષાઈ આવઈ ,પો ડિ...૧૬૩

(૨૦) પ્રબોધચિંતામણિમાં વિવેકરાજાને લક્ષ્મી અને લજ્જારૂપી વારાંગનાઓ ચામર વીઝેં છે. ત્રિભુવનદીપક પ્રબંધમાં સિદ્ધિ અને બુદ્ધિ એ બે ચામર વીઝે છે. જુઓ :

સિદ્ધિ બુદ્ધિ બે ચામરહારિ...૧૭૩

(૨૧)પ્રબોધચિંતામણિમાં વિવેક રાજાને આચારરૂપી ચમર વીંઝવામાં આવે છે. ત્રિભુવનદીપક પ્રબંધમાં ચામરના નામનો ઉલ્લેખ નથી.

(૨૨) પ્રબોધચિંતામણિમાં ગુરુના આદેશરૂપી શ્વેતછત્ર છે. ત્રિભુવનદીપક પ્રબંધમાં ગુરુ ઉપદેશરૂપી છત્રનો ઉલ્લેખ સાંપડે છે. જુઓ :

છત્ર્યુ ધરઈ સિરિ ગુરુ ઉપદેસ...૧૭૨

(૨૩) પ્રબોધચિંતામણિમાં સત્ત્વ નામના સિંહાસનનો નિર્દેશ થયો છે. ત્રિભુવનદીપક પ્રબંધ માં સત્ય નામના સિંહાસનનો ઉલ્લેખ જોવા મળે છે. જુઓ:

સત્ય સિંહાસણિ બસસઈ રાઉ...૧૭૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨૪) પ્રબોધચિંતામણિમાં સાધુઓના સત્સંગરૂપી સભાનો ઉલ્લેખ મળે છે. ત્રિભુવનદીપક પ્રબંધ માં સુપુરુષોના સત્સંગરૂપી પર્ષદાનો ઉલ્લેખ જોવા મળે છે.જુઓ :

સુપરિષ-સંગતિ પરિષદ ઠાઉ....૧૭૫

(૨૫) પ્રબોધચિંતામણિ માં શુભ લેશ્યારૂપી નટીનો નિર્દેશ થયો છે. ત્રિભુવનદીપક પ્રબંધમાં બાર ભાવનારૂપી પાત્રો નૃત્ય કરે છે એમ ઉલ્લેખ છે. જુઓ :

નાચઇ ત્રતિ ભાવન બાર....૧૭૫

(૨૬) પ્રબોધચિંતામણિમાં છત્રીસ ગુણની સ્મૃતિરૂપી છત્રીસ પ્રકારનાં આયુધનો ઉલ્લેખ છે. ત્રિભુવનદીપક પ્રબંધમાં આચાર્યના છત્રીસ ગુણરૂપી દંડાયુધનો નિર્દેશ થયો છે. જુઓ :

દંડાયુધ ગુરુગુણ છત્રીસ. ૧૭૪

(૨૭) પ્રબોધચિંતામણિમાં પુણ્યરંગ-પાટણ રાજ્યનાં સાત અંગનો ઉલ્લેખ થયો નથી. ત્રિભુવનદીપક પ્રબંધમાં પુણ્યરંગ -પાટણ રાજ્યના સાત તત્વરૂપી સાત અંગનો કવિએ નિર્દેશ કર્યો છે. જુઓ :

સાતિ તત્ત્વિ સપ્રંગ જગીસ. ૧૭૪

(૨૮) પ્રબોધચિંતામણિમાં વિવેક ના પરિવારના વર્ણનમાં ભવવિરાગ નામનો પુત્ર છે. જ્યારે ત્રિભુવનદીપક પ્રબંધમાં વિવેકના પુત્રનું નામ વૈરાગ્ય છે. જુઓ :

જેઠઉ બેટઉ તસુ વયરાગુ.૧૬૯

(૨૯) પ્રબોધચિંતામણિમાં સંવેગ અને નિર્વેદ એ નામના બીજા બે પુત્રો વિવેકને છે. ત્રિભુવનદીપક પ્રબંધમાં સંવર અને સમરસ નામના બે નાના પુત્રો નો ઉલ્લેખ જોવા મળે છે. જુઓ:

સંવર રામરસ લહૂય કુમાર ૨૬૯

(૩૦) પ્રબોધચિંતામણિમાં કૃપા, મૈત્રી, મુદિતા, ઉપેક્ષા નામની વિવેકની પુત્રીઓ છે, ત્રિભુવનદીપક પ્રબંધ માં મૈત્રી, કરુણા, મુદિતા, ઉપેક્ષા નામની વિવેકની પુત્રીઓ છે. જુઓ :

મૈત્રી કરુણા મુદિત ઉવેખ, બેટી બહુય રૂપની રેષ. ૧૭૦

(૩૧) પ્રબોધચિંતામણિમાં સમ્યગ્દૃષ્ટિરૂપી વિવેકના પ્રધાનનો ઉલ્લેખ જોવા મળે છે. ત્રિભુવનદીપક પ્રબંધમાં સમકિતરૂપી પ્રધાનનો નિર્દેશ છે. જુઓ :

મુહતા મુહવડિ સમકિતુ લેખિ. ૧૭૦

(૩૨) પ્રબોધચિંતામણિમાં માર્દવ,આર્જવ, સંતોષ અને પ્રશમ એ ચાર માંડલિક રાજા છે. ત્રિભુવનદીપક પ્રબંધમાં ઉપશમ, વિનય, સરલતા, સંતોષ,એ ચાર માંડલિક રાજા છે. જુઓ :

ઉપશમ, વિનય, સરલ, સંતોષ, ચિહુ મહાધર સધર પ્રઘોષ. ૧૭૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩૩) પ્રબોધચિંતામણિ માં સામાયિકાદિ છ પ્રકારના આવશ્યકરૂપી પુરોહિતનો ઉલ્લેખ છે. ત્રિભુવનદીપક પ્રબંધમાં સામાયિકરૂપી સારથિ છે એમ કહ્યુ છે. જુઓ :

સામાઇક તસુ સારથિ સાર. ૧૭૩

(૩૪) પ્રબોધચિંતામણિમાં વિવેક રાજાના સદાગમરૂપી ભંડારનો અને ગુણસંગ્રહરૂપી કોઠારનો ઉલ્લેખ જોવા મળે છે. ત્રિભુવનદીપક પ્રબંધમાં આગમઅર્થરૂપી ભંડારનો અને ક્રિયાકલાપરૂપી કોઠારનો નિર્દેશ થયો છે જુઓ :

અગમ અર્થ બહુલ ભંડારુ; ક્રિયાકલાપ સકલ કોઠાર. ૧૭૪

(૩૫) પ્રબોધચિંતામણિમાં સર્વજ્ઞ રાજાની કેવલશ્રી નામની રાણી છે. ત્રિભુવનદીપક પ્રબંધ માં તે વિશે કોઇ ઉલ્લેખ નથી.

(૩૬) પ્રબોધચિંતામણિમાં સર્વજ્ઞ રાજાનો સંવર નામનો સામંત છે અને તે સામંતની મુમુક્ષા નામે પત્ની છે. તેઓને સંયમશ્રી નામની પુત્રી છે. ત્રિભુવનદીપક પ્રબંધમાં અરિહંત રાજાનો ઉપદેશ નામનો સામંત છે, અને એ સામંતની શ્રદ્ધા નામની પત્ની છે અને તેમને સંયમશ્રી નામની પુત્રી છે. જુઓ :

રાજ કરઇ છઇ રાઉ અરિહિંત, દુ (ઉ) પદેશ તેહનઉ સામંત ;
શ્રદ્ધાનામિં તાસુ વ ધરણિ, દીપઇ દેહ સુગુણ- આભરણિ. ૧૮૦
તિણિ જાઇ છઇ જે દીકરી, નામુ પુણ સંયમસિરી. ૧૮૧

(૩૭) પ્રબોધચિંતામણિમાં વિવેકના રાજ્યપરિવારના ઉલ્લેખમાં સમાધિ ઉત્પન્ન કરનાર શય્યાપાલક, ધર્મરાગની વૃદ્ધિ કરનાર સ્થગિઘર, શુભાધ્યવસાયરૂપી સુભટો, નવરસના જાણ ધર્મોપદેશકોરૂપી રસોયા, આગમ વ્યવહારાદિ પાંચ પ્રકારના પંચાતીઆ, ન્યાયસંવાદરૂપી નગરશેઠ, ક્ષાયોપશમિકભાવરૂપી દાણ લેનાર અને ઉત્સાહરૂપી દંડનાયકનો નિર્દેશ છે. ( જુઓ : અધિ. ૫, શ્લોક ૨૨૦ થી ૨૨૫) ત્રિભુવનદીપક પ્રબંધમા આ પાત્રોનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

(૩૮) પ્રબોધચિંતામણિ માં મોહને માયાનો પુત્ર કહ્યો છે. જુઓ :

मायासुतमसूतीय मोहं नाम महावलम् ।
यो योघान् जातमात्रोऽपि गणयामास दावसत् ॥ ३-६१ ॥

---

*જુઓ : જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ, મોહનલાલ દલીચંદ દેશાઇ, પૃ.૪૮૭

*જુઓ : મરાઠી દૈનિક સત્યવાદી નો અગ્રલેખ, તા ૧૪-૧૨-૧૯૮૦

*જુઓ : ત્રિભુવનદીપક પ્રબંધ સંપાદક પં. લાલચંદભાઇ ભગવાનદાસ ગાંધી, પૃ.૬

+ઈતિહાસની કેડી, પૃ. ૨૦૭

*પંદરમાં શતકનાં પ્રાચીન ગૂર્જર કાવ્યો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રિભુવનદીપક પ્રબંધમાં મોહને પ્રવૃતિનો પુત્ર કહ્યો છે. જુઓ :

મનનઇ રાણી એક પ્રવૃતિ,બીજી બહુગુણ નારિ નિવૃત્તિ;
પ્રવૃતિ મોહ જિણિઉ સુત એક, નિવૃત તણઇ પુત્ર વિવેક. ૩૫

(૩૯) પ્રબોધચિંતામણિ માં હંસરાજની બે પત્નીઓ તે સદ્‌બુદ્રિ અને અસદ્‌બુદ્ધિ છે. જુઓ :

ते च सदबुद्धीयसद्‌बुद्धी राज्ञोऽभूतामुमे प्रिये।
तरणित्विट् तमस्विन्याविवान्योन्यममर्षणे ॥ ३६-३ ॥

કવિએ ચેતનાના પર્યાય તરીકે બુદ્ધિને બતાવી તેના સદ્‌બુદ્ધિ અને અસદ્‌બુદ્ધિ એવા બે ભેદ બતાવ્યા છે. પરંતુ ત્રિભુવનદીપક પ્રબંધમાં એ પ્રમાણે નથી. ત્રિભુવનદીપક પ્રબંધમાં હંસરાજાની ચેતના રાણી જ કહી છે. જુઓ :

રાણી તાસુ ચતુર ચેતના, કેતા ગુણ બોલઉ તેહના. ૧૪

(૪૦) પ્રબોધચિંતામણિમાં પ્રવૃતિને દુર્બુદ્ધિની પુત્રી કહી છે. જુઓ :

सदा सन्निहिता भर्तुर्दुर्बुद्धिर्निजनंदिनीम्।
लोलां लोलेन मनसा प्रवृत्तिं पर्यणायत्॥ ३-१३३ ॥

ત્યારે નિરંતર ભર્તારની નજીક રહેલી દુર્બુદ્ધિએ ચપલ સ્વભાવવાળી પોતાની પુત્રી પ્રવૃતિને ચપલ એવા મન સાથે પરણાવી. ત્રિભુવનદીપક પ્રબંધમાં પ્રવૃતિ કોની પુત્રી છે તેનો ઉલ્લેખ નથી.

(૪૧) પ્રબોધચિંતામણિમાં નિવૃત્તિને સદ્‌બુદ્ધિની પુત્રી કહી છે. જુઓ :

ध्यात्वेति नितुरिष्टोऽसि त्वमित्यालाप्य मंत्रिणम्।
निवृत्या निजन दिन्या सद्‌बुद्धिरुदवाहयत्॥ ३-१४२ ॥

(આ પ્રમાણે વિચારીને તું મારા સ્વામીને વહાલો છે એમ પ્રધાનને કહીને સદ્‌બુદ્ધિએ નિવૃત્તિ નામની પોતાની પુત્રી સાથે મન પ્રધાનનો વિવાહ કર્યો) ત્રિભુવનદીપક પ્રબંધમાં નિવૃત્તિ કોની પુત્રી છે તેનો ઉલ્લેખ નથી.

આમ પ્રબોધચિંતામણિ કરતાં ત્રિભુવનદીપક પ્રબંધમાં કેટલેક સ્થળે કવિએ કેટલાક નાના નાના પરંતુ ઘણા મહત્ત્વના ફેરફારો કર્યા છે. એમાંના કેટલાક મહત્ત્વના ફેરફારો તો પાત્રોનાં નામો વિશેના છે. પ્રબોધચિંતામણિ જેવી સળંગ સુદીર્ઘ રૂપકકથાની રચના કરવાંમાં વિવિધ તત્ત્વોને પ્રતીકરૂપે જીવંત કલ્પી તેમનો પરસ્પર વ્યવહાર બતાવવામાં તથા વાસ્તવિક વ્યાવહારિક જગત સાથે તેનો સુમેળ કરવામાં કવિની ભારે કસોટી થાય છે. પ્રતીકરૂપ પાત્રોની કથા વ્યવહારદષ્ટિએ જો સુસંગત ન હોય તો તેટલી પ્રતીતિકર થાય નહીં. પ્રબોધચિંતામણિમાં એકસોથી વધુ જેટલાં પાત્રો આવે છે. અને તે બધાંનો પરસ્પર સંબંધ, સગપણ વગેરે ગોઠવવા એ કલ્પના, બુદ્ધિ, ચાતુર્ય, વ્યવહારજ્ઞાન

+ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ -ભાગ ૧, પૃ. ૨૭૮, સંપા જોશી, રાવળ, શુકલ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને શબ્દપ્રભુત્વ માગી લે છે. નાનું રૂપક લખવું સહેલું છે. પરંતુ સળંગ રૂપકકથા લખવી તે ઘણી અઘરી વાત છે. અસાધારણ કવિત્વ અને પાંડિત્ય બન્ને હોય તો જ તે સંભવી શકે.

કવિ જયશેખરસૂરિએ પ્રબોધચિંતામણિ કરતાં ત્રિભુવનદીપક પ્રબંધમાં કેટલાંક પાત્રોનાં નામો જે રીતે બદલાવ્યાં છે તેમાં પણ તેમની સૂક્ષ્મ કવિત્વદષ્ટિ અને ઔચિત્યબુદ્ધિનાં દર્શન થાય છે. કવિએ એમાં જે ફેરફારો કરેલા છે તે ઉપરથી પણ જોઈ શકાય છે કે એમણે પ્રથમ પ્રબોધચિંતામણિની રચના કરી હશે અને ત્યાર પછી ત્રિભુવનદીપક પ્રબંધની રચના કરી હશે. એમણે કરેલા ફેરફારોના સૂક્ષ્મ ઔચિત્યનો વિચાર કરતાં આ વાતની પ્રતીતિ થશે. ઉદાહરણ તરીકે પ્રબોધચિંતામણિમાં મોહના પ્રધાનનું નામ મિથ્યાદષ્ટિ આપવામાં આવ્યું છે. જ્યારે ત્રિભુવનદીપક પ્રબંધમા તેનું નામ મિથ્યાદર્શન આપવામાં આવ્યું છે. મિથ્યાદષ્ટિ અને મિથ્યાદર્શન બન્ને શબ્દો એક-બીજાના લગભગ પર્યાય જેવા છે. તેમ છતાં મોહના પ્રધાનના નામ તરીકે નારિજાતિવાચક મિથ્યાદષ્ટિ શબ્દ કરતાં મિથ્યાદર્શન જેવો શબ્દ વધુ ઉચિત ગણાય.

કવિએ મૂળ શબ્દ મિથ્યાદર્શન પ્રયોજ્યો હોય અને એના ઉપરથી ફેરફાર કરીને મિથ્યાદષ્ટિ શબ્દ રાખ્યો હોય એવું સંભવી શકે નહિ એટલે એના ઉપરથી પણ પ્રતીત થશે કે કવિએ પ્રબોધચિંતામણિ ની પૂર્વે ત્રિભુવનદીપક પ્રબંધ ની રચના નહીં જ કરી હોય.

ત્રિભુવનદીપક પ્રબંધમાં કવિ જયશેખરસૂરિએ માત્ર કથાકાર તરીકે જ કાર્ય કર્યું છે એમ નહિ કહી શકાય. મહાકવિની પ્રતિભા ધરાવનારા તેમણે પોતાની અસાધારણ કવિત્વશકિતથી વિવિધ પ્રસંગોનું કવિત્વમય નિરૂપણ કર્યુ છે. એમાં એમની સચોટ વર્ણન કરવાની શકિતનાં દર્શન થાય છે.

માયારૂપી રૂડી રમણીના રૂપથી હંસરાજ આકર્ષાય છે ત્યારે ચેતના રાણી તેમને જે સચોટ શિખામણ આપે છે તેનું કવિએ કરેલું લાઘવયુકત વર્ણન જુઓ:

રૂયડી રે રમણી મત્તગય ગમણી, દેષી ભૂલઉ ત્રિહુભવણ ધણી;
અમૃતકુંડિ કિમ વિષ ઉછલઇ ? સમુદ્ર થકી ખેહ ન નીકલઇ;
સરવર માહિ ન દવ પરજલઉ, ધરણિ ભારિ શેષ ન સલસલઇ;
રવિ કિમ વરિસઇ ઘોરંધાર ? ઝરઇ સુધાકર કિમ અંગાર ?
જઇ તૂં ચૂકિસિ દેવ ! વિચાર, લોકતણી કુણ કરિસિ સાર ? રૂઅડી રે. ૧૮

વર્ણાનુપ્રાસ જેવા શબ્દલંકારો અને ઉપમાદિ અલંકારો સહિત કવિએ વસંતઋતુના આગમનનું કેવું સરસ નિરૂપણ કર્યુ છે તે જુઓ :

ઊગમ તિમ ચાલે જિમ વિહસંતિ મિત્ત, લગાઇ આકૃતિ તૂં અપાર, તઈ ધોરી ઝાલ્લઉ રજ્જભાર;
ન હસંતિ વસુહ માહિ જિમ અમિત. ૨૧૨
પુણ લેજે વેલા બલ વિયાણિ, તિણિ ચાલ્યાં આધી નહિ હાણિ;
ઈમ કહતાં પુહતઉ રિતુ વસંત, તવ ઉઠિઉ મનમથ ધસમસંત. ૨૧૩


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવી જ રીતે કામદેવ અને વિવેક વચ્ચે જે યુદ્ધ થાય છે તેનું ઓજસવતું શબ્દચિત્ર જુઓ:

ઓ આવઈ ઓ આવઈ અરિ અપ્ફાલિય ભંજાઈ ભુજિ... વિકરાલ;
મહિ મહિ મંડલિ મંડલિ મયણ, મહાભડ કુણતું અસિઉ તુડતાલ;
ક્ષણિ મેઇણિ મંડલિ ક્ષણિ ગયણંગણિ, ક્ષણિ ગુજ્જઈ પાયાઈ;
જે ભૂઈબલિ છલિહિ, અવગ્ગલ તીહ સરિસી તું આલિ. ૨૮૨

વિવેકકુમાર રાગદ્વેષરૂપી સિંહનું કેવી રીતે દમન કરે છે તે પ્રસંગનું વર્ણન પણ કવિએ કેવી સરસ છટાથી ચિત્રાત્મક શૈલી એ કર્યું છે તે જુઓ:

રાગદ્વેષ ડરઅરતા સીહ, બે ઉઠયા તઉ અકલ અબીહ;
નખર જિસિચા કુદાલા પાઈ, ભુંઈ કંપાવઈ પુચ્છ નિહાઈ. ૩૨૧
ધૂબડ ધૂણઈ કેસરવાલિ, લોક ચડિયા ભુંઇ માલિ અટાલિ;
તે બેવઈ તિણિ આંગી ગમ્યા, સમતા ગુણે સાહી નઈ દમ્યા. ૩૨૨

અવિદ્યા નગરીના રાજા મોહરાયના પરલોકગમન પ્રસંગે એની માતા પ્રવૃતિ કેવી શોકમગ્ન બની જાય છે તેનું વર્ણાનુપ્રાસ તથા ઉપમાદિ અલંકાર સાથે કવિએ દોરેલું શબ્દચિત્ર જુઓ :

મોહ પહૂતઉ જવ પરલોક, પ્રવૃતિ પડી તુ પૂરઇ શોકિ;
વંસં વિણાસ ન હિયઈ સમાઈ, સૂકી જિમ ઊન્હાલઈ જાઈ. ૪૦૧
કુલ ક્ષય દેષી ઘાણઉં ચલચલઈ, તડકઈ મંકણ જિમ ટલવલઈ,
મનું વિલવઈ મૂકી નીસાસ, આજ અમ્હરી ત્રટી આસ. ૪૦૨

ત્રિભુવનદીપક પ્રબંધ પોતે રૂપકકથાના પ્રકારની કૃતિ હોવાથી એમાં રૂપકો તો સ્થળે સ્થળે જોવા મળશે. રૂપક અલંકારો કવિ જયશેખરસૂરિનો એક પ્રિય અલંકાર છે. તેવી જ રીતે ઉપમા અલંકાર પણ કવિનો પ્રિય અલંકાર છે. ત્રિભુવનદીપક પ્રબંધમાંથી તેનાં નીચેનાં થોડાક ઉદાહરણો જુઓ :

કાઠિ જલણુ જિમ ધરણિહિં ત્રેહુ, કુસમિહિં પરિમલ ગોરિસ નેહુ:
તિલિહિં તેલુ જિમ તાહિક નીરિ, તિમ તે નિવાસઈ જગત્ર શરીર. ૩
બાલપણા લગઈ મઝનઈ તેહ, ઉંદિર સાપ સરીષઉ નેહ;
તે નિતુ દેતઉ મઝ રહઈ રાડિ, તાસુ ન પ્રાણ અમ્હારઈ પાડિ. ૧૩૬
તે આગલિ હૂં હૂતુ તિસિઉ, કેસરિ આગલિ જંબુક જિસિઉ.
તેઉ ગૃધ નિશ્ચિંઈ હઉં મસઉ, સાચઈ લેક હસઈ તુ હસઉ. ૧૩૭
અવર કુણનઈ વાદિ વિનાણિ, જાણ જાય જાણઈ ઠાકુરનઈ પ્રાણિ;
ધરની કલિ કુણ આગ કહઈ ? ચોર માઈ જિમ છાની રોઈ. ૧૮૬
ઘરડી પુડ જિમ બે ધરણિ, કણહ સરીષ કંતુ ;
કહઉ આષઉ કિમ ઊગરઈ ? ભરડી આંણઈ અંત. ૧૮૮



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુપ્રાસની સાથે શ્લેષાલંકાર કવિ કેવી રીતે પ્રયોજે છે તેના ઉદાહરણ તરીકે નીચેની કડીઓ જુઓ;

નિવૃત્તિ ગઇ તઉઉ હુઇ નિવૃત્તિ, મનરહિ નિચરઇ કહઇ પ્રવૃતિ;
દિવરાવઇ બેટનઇ રાજ, ફલિઉ મનોરથ મહારાઉ આજ. ૫૫
જા જીવઇ અમ્હ વઇરી મોહ, રાજ-તણી તાં કેહી સોહ ?
મોહરઇ ભાઇ તે સાવકઉ, ધર્મ ન માનઇ તે શ્રાવકઉ. ૧૭૭

કવિ જયશેખરસૂરિની કવિપ્રતિભાનું સરસ દર્શન જેમ એમના ઉપમા રૂપક અલંકારોમાં થાય છે તેવું જ સરસ દર્શન એમણે પ્રયોજેલા દૃષ્ટાન્તાદિ અલંકારોમાં થાય છે. કવિની નિરીક્ષણશકિત કેટલી સૂક્ષ્મ છે તેની પણ તે પ્રતીતિ કરાવે છે. ઉ.ત. નીચેની પંકિતઓ જુઓ :

વાનરડઉ નઇ વીછી ખાધુ, દાહીજરઉ દાવાનલિ દાધુ;
ચડિઉ સીંચાણઉ ચરહઠા હાથિ, જૂઠઉ મિલિઉ જૂઆરી. ૩૧
વેસનાર નઇ વાઉ વિકરાલુ, વિષતરુ સિંચિઉ વિસહર લાલું ;
મુહતઉ માનિઉ રાણી ચલઇ, ઘેણઉં ઘેણેરઉં તઉં ઝલફળઇ. ૩૨
શશિ વિણ પુન્નિમ લાજઇ વાઇ. પૂનમ વિણ શશિ ખંડઉ થાઇ;
સકલ પુરુષ સુકુલીણી નારિ, બિહઉં જોડ થોડી સંસારિ.૭૮
નિવૃત્તિ ભણઇ તુમ્હિ બોલિઉં કિસિઉં ? પ્રિય ઉષધ નઇ ગુરિ ઉપદિસિઉં;
ઘેવર માહે એ ધૃત ઢલિઉં; થ (પી) હર જોતાં સગપણ મિલિઉ. ૭૯
એકઇ સંધ્યાં ઊગઉ સૂર, બીજી મિલિઉ રુલિઉ ભૂર;
એકઇ બીજઇ શશિ ઊગઉ, બીજી બીજઇ ગિઉ તે ષયઉ. ૧૮૭
ઘરટી-પુડ જિમ બે ઘરણિ, કણાહ સરીષ કંતુ;
કહઉ આપઉ કિમ ઊગરઇ ? ભરડી આંણઇ અંત. ૧૮૮
નાન્હાઉ એ કિમ ઝૂસિ ? એ મનિ માણસિ ભ્રાંતિ;
નાન્હાઇ સિંહ કિસોરડઇ, મયગલ ધડ ભજ્જંતિ. ૨૦૮
જલધર વુઠઇ જલણ ન દહઇ. ગુરુડ વાઇગર ડસ કિમ રહાઇ
રવિ ઉગ્ગમિ અંધારઉં ટલઇ, સાહસધાણી ન સાઇણિ છલઇ;
કેસર (સ) દિ ગઇંદ પલાઇ, ઘટ કિમ નાંદઇ ધાણને ધાઇ;
હિમ પડતઇ જિમ દાઝઇ આક,મઝ આગલિ તઉ કણ વરાક. ૩૮૭
યમુના જલિ ખિલ્લાઇ તોઇ ન મિલ્હઇ રાયહંસ નિય ધવલગુણ ;
સાયર જલ કાલઇ વસઇ, નિરાલઇ ન મુત્તાહલ મલિણં;
નહુ મંડલિ નીલીવન્નિ નિલુકકઉ ચંદન ચુકિખમય;
મન મોહિ વિહું પડિપડિય ન ભગ્ગી ભિલ્લમ તૂ આ બાલવય. ૩૯૬
જ્યઉ કેસરિ મૃગ સંચરઇ, જ્યઉ રવિ તિમિર ફુરંતિ;
અરિભડ ભંજન તૂં ગયઉ, પરદલ હિવ પસરંતિ;



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કવિ જયશેખરસૂરિની એક લાક્ષણિકતા એ છે કે તેઓ પોતાની અનુભૂતિને ઓછા પણ સચોટ અને માર્મિક શબ્દોમાં અભિવ્યકત કરે છે. એથી એમની કેટલીક પંકિતઓ સુભાષિતાત્મક બની જાય છે. ઉ.ત. નીચેની કેટલીક પંકિતઓ જુઓ :

આંબે છાંહ ભીતિ જાજરી, બેટી ધન ભોજનિ બાજરી;
ઠાર ત્રેહ અસતીનું નેહુ, દૈવ દેષાડઇ થહિલઉ છેહ. ૨૧

સઉકિ સમણ સરૂપિં સાપુ, વલગી મર્મિ કરઇ સંતાપુ;
વજંલ છાયા સાપુ ન ફિરઇ, મૂલ મંત્ર સઉકિહં નવિ ફુરઇ. ૪૨

અઠોત્તર સય અધિકી વ્યાધિ, સઉકિ કહઉં તઉ હોઇ સમાધિ;
કાઢઈ રોગ ન નિયડઉ થાઈ, કાઢઉ કહતાં સઉકિ ન જાઈ. ૪૩

સઉકિ-આગિ ભટકે પ્રજ્વલઇ, વિણસઇ વંસ ન ધું નીકલઇ;
આગિ ઓલ્હાહઇ એકં વારિ, સઉકિ સંતાપઇ સાતે વારિ. ૪૪

પ્રિય વિણ નારી રાતિ અંધારિ, મેલ્હી રૂડે કાજિ નિવારી:
જઇ પુણ સુત દીવઉ ઝલહલઇ, તઉ દીવાલી સમ તુડિ તુલઇ. ૮૯

સ્રી બેટા વિણ પંકડ ગાઈ, ડીલઈતી પુણ કહઈ ન સુહાઇ;
ઘરધણિઆણી થાઇ દાસિ, જઇ બેટઉ હોઇ નવિ પાસિ. ૯૦

રાજા ટલ્યાનુ સિઉ કરતઉ, જઇ તૂ બેટઉ છઈ જીવતઉં;
એક અજીવિ માગસે ઠાઉ, રાખે કૂડસુ માંડઇ રાઉ. ૯૧

જીણિ ગુફાં કેસરિ વસઇ, કરિકુલ કેરઉ કાલ;
આલિ સિયાલ તિહાં કરઇ, સીહ નહી તે આલ. ૯૯

જિણિ તરુ ડાલઈ વીસમિઉ, ગુરુડ સુગુરુડ સમોડિ;
ચિડી તે ચૂંથઇ એ હરિવાહણ ષોડિ.૧૦૦

આવાસહ જિણિ ઓરડઇ, લલકઇ લહકઇ દીપ;
તે જઇ તિમ રે ભેલીઇ, દીઈપ તણી કુણ કીપ ? ૧૦૧

જે એક વયરી કરી, નર નિચ્ચંત સૂયંતિ; તે સૂત્તા તરૂસિહર જિમ,
ઘર પડિયા જગ્ગંતિ. ૧૪૧

વિણ અવસર જે માંડઇ ગૂઝ, રાજ-તલઉં ત્રોડઇ અબૂઝ;
માલા પડયા ધાઊ ટીણઈ, ધૂંબડ નામ સહૂ કો ભણઇ. ૨૬૮



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવસરિ બોલિઉં માણસ ગમઈ, પામઈ પુષ્ટિ જુ અવસરિ જિમઈ,
અવસરિ વાલ્હઉ વૂઠઉ મેહ, અવસરિ આવિ સગઈ સિણેહ. ૨૬૯

ગિઈ ફાગુણિ આબંઉ ગહગદઈ, ગિ (ઇ) ગ્રીષ્મિ નઈ પૂરિ વહઈ;
બહુલ પક્ષ પૂઠિં શશિ-વૃદ્ધિ, આર અનંતર સાગર રિદ્ધિ. ૪૨૭

જૈન સાધુકવિઓ કેવળ મનોરંજનાર્થે કૃતિનું સર્જન કરે એવું ન બને. કોઇક વિશિષ્ટ ઉદ્દેશથી જ તેમનું સાહિત્ય રચાતું રહ્યું છે. શ્રીજયશેખરસૂરિએ આ રૂપકકથામાં સ્થળે સ્થળે ત્યાગ, વૈરાગ્ય, સંયમ, ઉપશમ, સમતા વગેરેનો મહિમા દર્શાવતી પંકિતઓ લખી છે. ઉદાહરણ તરીકે નીચેની કેટલીક પંકિતઓ જુઓ :

સેવીતા સવિરસ વિરસ, ઇક્કાઇકિકં જોઇ;
નવમઉ જિમજિમ સેવીઇ, તિમ તિમ મીઠઉ હોઇ. ૭

મકરિ અજાણી સ્ત્રી વીસાસ, સ્ત્રી કહીઇ દોરીવિણ પાસ;
હિવડાં દિસઈ એ સીયલી, પુણ તાપ વિસિઇ જિમ સીયલી. ૨૩

સઉકિ ભણિ હું ન કહઉં સ્વામિ, બીયાબારઉં તુમ્હારઇ નામિ;
જે સીષામણ તીણઇ કહી, ભરિયા ધડા ઉપરિ તે વહી. ૨૪

પરમેસર આણુસરઉ મોહ તણઉ અંદોહ છંડિઉ;
સમતા સઘલી આદરઉ, મમતા મુંકઉ દૂરિ;
ચ્યારિ હણી પાંચઇ જિણ, ખેલઉ સમરસ પૂરિ. ૪૧૫

કલ્પદ્રુમ કામધેનુ એ હોઇ, ચિંતામણિ એ અવર ન કોઇ;
એહ જિ સિદ્ધિપુરિ નઉ પંથ, એહ જિ જીવન સિવહઉ ગ્રંથ. ૪૩૧

ત્રિભુવનદીપક પ્રબંધ ગુજરાતી સાહિત્યનું ઉત્તમ રૂપકકાવ્ય છે. કવિએ એને પ્રબંધ તરીકે ઓળખાવ્યું છે. સામાન્ય રીતે પ્રબંધ શબ્દ કિંવદંતિ સહિત ઐતિહાસિક કથાના પ્રસંગોનું નિરૂપણ કરતા કાવ્યપ્રકાર માટે વપરાય છે. આ કાવ્યકૃતિમાં કોઇ ઐતિહાસિક કથાવસ્તુ લેવાયું નથી, એટલે એ દૃષ્ટિએ પ્રબંધ શબ્દ આ કાવ્યકૃતિ માટે કેટલો ઉચિત છે તેવા પશ્ન થાય, પરંતુ આ કાવ્યમાં રાજા, રાણી, રાજકુમાર, મંત્રી,દુશ્મન રાજા, યુદ્ધ વગેરેના પ્રકારની (ભલે કાલ્પનિક) ઐતિહાસિક ઘટના જેવી ઘટનાઓનું નિરૂપણ થયું હોવાથી આ કાવ્યકૃતિને પ્રબંધ તરીકે ઓળખવવામાં અનુચિતતા નથી એમ કહી શકાય. વળી, પ્રબંધ શબ્દ પોતે જ વિવિધ અર્થસંદર્ભમાં પ્રાચીન સાહિત્યમાં વપરાયો છે એટલે તથા કવિના પોતાના સમયમાં તે કોઇ એક નિશ્ચિત કાવ્યપ્રકાર માટે રૂઢ નહીં થયો હોય એટલે કવિએ પ્રબંધ શબ્દ પોતાની આ કાવ્યકૃતિ માટે વિચારપૂર્વક જ પ્રયોજ્યો હશે એમ કહી શકાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ કાવ્યની રચના કવિએ વસ્તુ, દુહા, ચોપાઇ,ધઉલ, છપ્પઇ વગેરે છંદમાં કરી છે અને તેમાં કથાનું નિરૂપણ થયું છે તે જોતાં તેને રાસ કે ચોપાઈના પ્રકારની કૃતિ તરીકે પણ કોઇ ઓળખાવે તો તે સ્વાભાવિક છે. એટલે આ કૃતિને કેટલીક હસ્તપ્રતોમાં અંતરંગ ચોપાઇ તરીકે ઓળખવવામાં આવી છે તે પણ યોગ્ય ગણી શકાય. જેમ ત્રિભુવનદીપક પ્રબંધ ઉપરાંત આ કૃતિનાં હંસવિચાર પ્રબંધ, પરમહંસ પ્રબંધ જેવાં નામો પ્રચલિત થયેલાં છે, તેવી રીતે આ કૃતિને માટે પ્રબોધચિંતામણિ ચોપાઈ* જેવું નામ પણ સાંપડે છે.

કવિ જયશેખરસૂરિએ ત્રિભુવનદીપક પ્રબંધની રચના પ્રબોધચિંતામણિ ને અનુસરીને કરી છે અને પ્રબોધચિંતામણિ-ની રચના તેમણે કૃષ્ણમિશ્રકૃત પ્રબોધ ચંદ્રોદયના પ્રતિકારરૂપે લખેલી હોય તેવું પંડિત લાલચંદ ગાંધી વગેરે વિદ્વાનોને જણાયું છે. પ્રબોધ ચંદ્રોદય ની સામે પછીના સમયમાં કવિ પદ્મસુંદરે જ્ઞાનચંદ્રોદય અને વાદિચંદ્રે જ્ઞાનસૂર્યોદય નામનું નાટક લખ્યું છે તેવી રીતે કવિ જયશેખરસૂરિએ પ્રબોધચિંતામણિ અને ત્રિભુવનદીપક પ્રબંધ ની રચના કરી છે. સં. ૧૬૮૫ માં પં. ધર્મમંદિરે 'મોહ અને વિવેક રાસ' ની રચના કરી છે. તથા દિગમ્બર કવિ બ્રહ્મચારી જિનદાસે પરમહંસ કથાની રચના કરી છે. અને તેના ઉપરથી મરાઠીમાં પંડિત સૂરિજને પણ પરમહંસ કથા ની રચના કરી છે.* આમ પ્રબોધચિંતામણિ અને ત્રિભુવનદીપક પ્રબંધના આધારે અન્ય કૃતિઓની જે રચના થઇ છે તે ઉપરથી આ રૂપકાત્મક કથાએ તત્ત્વજ્ઞ પંડિત કવિઓનું ધ્યાન કેટલું આકર્ષ્યું છે તે જોઇ શકાય છે.

ગુજરાતી ભાષામાં આ કૃતિને પ્રકાશમાં લાવનાર પંદરમા શતકનાં પ્રાચીન ગૂર્જર કાવ્યોના સંપાદક સ્વ. કેશવલાલ ધ્રુવ લખે છે : કવિની પ્રતિભા વસ્તુની ગૂંથણીમાં, પાત્રની યોજનામાં અને રૂપકની ખિલવણીમાં એકસરખી વિજયશાળી નીવડે છે. કાવ્યનો વેગ તથા સંવિધાનનું ચાતુર્ય વાંચનારનું કૌતુક છેવટ સુધી ટકાવી રાખે છે.'

આ કૃતિનું ત્યારપછી પાઠાંતરો સહિત સંપાદન કરનાર પં. લાલચંદભાઇ ગાંધીએ તેના ઉપર વિશિષ્ટ પ્રકાશ પાડયો છે. અને તેમણે ત્રિભુવનદીપક પ્રબંધને મધ્યકાળની એક ગણનાપાત્ર કૃતિ ઓળખાવીને લખ્યું છે કે કવીશ્વર જયશેખરસૂરિએ પરપ્રવાદિયોના મિથ્યા વાક્ પ્રહારોના પ્રતિકારરૂપ, લોકપ્રચલિત પાખંડ અને લોકત્તર ધર્મના સત્ય સ્વરૂપને પ્રકાશિત કરનારા સંસ્કૃત પ્રબોધચિંતામણિની અને ગુજરાતીમાં ત્રિભુવનદીપક પ્રબંધની રચના કરી હોય એમ એ ગ્રન્થોનું તુલનાત્મક દૃષ્ટિએ નિરીક્ષણ કરતાં જણાઇ આવે છે.* મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં રૂપકના પ્રકારની જુદીજુદી કૃતિઓની રચના થઈ છે તેમાં ત્રિભુવનદીપક પ્રબંધની પૂર્વે ખાસ કોઇ રચના જોવા મળતી નથી, પરંતુ ત્રિભુવનદીપક પ્રબંધ પછી આત્મરાજ રાસ (કવિ સહજસુંદરકૃત), મોહ વિવેકનો રાસ (સુમતિરંગકૃત), વિવેક વણઝારો (પ્રેમાનંદનકૃત), વ્યાપારી રાસ (જિનદાસકૃત), જીવરામ શેઠની મુસાફરી (જીવરામ ભટ્ટકૃત) વગેરે સળંગ રૂપકના પ્રકારની રચનાઓ થયેલી છે. ડો. ભોગીલાલ સાંડેસરા કહે છે તેમ ગુજરાતીમાં પણ ત્યાર પછી વાણિજ્યમૂલક અને પાડ્ગુણ્યમૂલક અનેક નાનાંમોટાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપકો લખાયાં છે, પણ તેમાનું કોઇ જયશેખરસૂરિના ઉકત કાવ્યની બરાબરી કરી શકે તેમ નથી.+

સ્વ. કેશવલાલ ધ્રુવ આ રૂપકકાવ્યથી એટલા પ્રભાવિત થયા હતા કે એમણે લખ્યું છે કે સંસ્કૃત કવિ તરીકે જયશેખરસૂરિનું જે સ્થાન હોય તે હો, પણ ગુજરાતી કવિ તરીકે તો તેમનો દરજ્જો ઊંચો છે. આ એક જ ગુર્જર કાવ્યથી જૈન કવિ પ્રથમ પંકિતના સાહિત્યકાર બને છે. જૈનેતર સાહિત્યની જેમ જૈન સાહિત્ય ચકલેચૌટે ગવાયું હોત તો જયશેખરસૂરિએ પણ ભાલણ અને પ્રેમાનંદના જેવી પ્રસિદ્ધિ લોકમાં મેળવી હોત.'

ભોગીલાલ સાંડેસરાએ આ રૂપકકાવ્યની મહત્તા દર્શાવતાં લખ્યું છે કે 'રૂપકગ્રન્થિની મર્યાદામાં રહીને આવી સુદીર્ઘ રચના કરવા છતાં કાવ્યરસ અસ્ખલિત વહ્યો જાય છે. એમાં કર્તાની સંવિધાનશકિતનો,ભાષાપ્રભુત્વનો તથા કવિપ્રતિભાનો વિજય છે. કાવ્યનો છંદોબંધ દુહા, ચોપાઈ, વસ્તુ, છપ્પય આદિ માત્રામેળ છંદોમાં તથા ગીતોમાં થયેલો છે. કાવ્ય નામે ઓળખાતા અશુદ્ધ ભુજંગીનો પણ કોઈ ઠેકાણે પ્રયોગ છે. અક્ષરના, રૂપના,માત્રાના અને લયના બંધનથી મુકત, છતાં એમાં લેવાતી છૂટ ભોગવતું પ્રાસયુકત ગદ્ય-જે બોલી નામે ઓળખાય છે તે પણ એમાં પ્રસંગોપાત્ત આવે છે.'

આમ, ત્રિભુવનદીપક પ્રબંધ એ પ્રબોધચિંતામણિ નું અનુસર્જન છે એ તો સ્પષ્ટ જ છે તેમ છતાં મહાકવિની પ્રતિભા ધરાવનાર કવિ જયશેખરસૂરિનું ગુજરાતી ભાષા ઉપરનું પ્રભુત્વ પણ એટલું જ અસાધારણ છે એ ત્રિભુવનદીપક પ્રબંધ વાંચતાં આપણને પ્રતીત થાય છે. કદાચ કોઈને જો પ્રબોધચિંતામણિની વાત કરવામાં આવી ન હોય અને તેવી અધિકારી વ્યક્તિ ત્રિભુવનદીપક પ્રબંધ વાંચે તો આ કૃતિ એક સ્વતંત્ર સમર્થ સર્જનકૃતિ છે એવું તેને જણાયા વગર ન રહે. એટલે કે કવિની મૌલિક સર્જકપ્રતિભા સહજ રીતે જ આ ત્રિભુવનદીપક પ્રબંધ માં ખીલી ઊઠી છે.

આમ, ત્રિભુવનદીપક પ્રબંધ આપણા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની એક મહત્ત્વની, માર્ગસૂચક સ્તંભ જેવી ઉતમ કાવ્યકૃતિ છે અને સુદીર્ઘ, સવિસ્તાર રૂપકકથા કાવ્યમાં એની તોલે આવે એવી બીજી કોઈ કૃતિ હજુ જોવા મળતી નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org